ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૪/૧૮-૧૯/ 4700 તારીખ : 11 OCT 2018

પ્રતિ,

શ્રી વાળાકી નરશીભાઈ ડાયાભાઈ,
કિસાન શેરી, મુ. નેપ,
તા : મહુવા જી. ભાવનગર.
મો : ૯૯૭૯૦૮૩૭૬૯.

કેસ ન. ૭૪/૧૮-૧૯.

**વિષય** : અમારા ખેતીવાડી વીજ કનેક્શનની એલ.ટી. લાઈનનો પોલ ફાટી જવા અંગે.

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા : ૦૨.૦૭.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં બીઝેડ/ફોરમ/૭૪/૧૮-૧૯/૩૨૨૨ તા.૧૯.૦૭.૧૮.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, આર-૨ મહુવા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૭૪/૧૮-૧૯ નો હુકમ**

વાદી ની તા.૧૯.૦૭.૧૮ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી શ્રી વાળાકી નરશીભાઈ ડાયાભાઈ, મુ. નેપ, તા. મહુવા. જી. ભાવનગર દ્વારા ખેતીવાડી વીજ વપરાશના વીજ પોલની લાઈનના રીપેરીંગની બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં ઝેડ/ફોરમ/૭૪/ ૧૮-૧૯/૩૨૨૨ તા.૧૯.૦૭.૧૮ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને જરૂરી તપાસ કરી પ્રતિવાદીની ગ્રામ્ય-૨ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા વાદીની ફરિયાદને ધ્યાને લઇ વાદીના વીજ વપરાશની લાઈનના નામી ગયેલ પોલ ઉભા કરી જરૂરી સમારકામ કરી કુલ ૪ પોલ ઉભા કરેલ છે. સદરહુ સ્થળે વાદી હાજર ના હોય પ્રતિવાદી દ્વારા કરાયેલ કામગીરી અંગેનું ઉપસ્થિત સાક્ષીનું તા. ૦૫.૧૦.૧૮નુ રોજકામ પણ રજુ કરેલ છે

વિશેષમાં વાદીને તેની રૂબરૂ રજૂઆત કરવા તા. ૧૫.૦૯.૧૮ તથા તા. ૦૬.૦૧૦.૧૮ના રોજ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેવા જણાવેલ પરંતુ તેમની ફરિયાદનો નિકાલ થયેલ હોઈ હાજર રહ્યા નથી. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવમાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવમાં આવેલ કાર્યવાહી તથા તેમના લેખિત પત્ર અને રોજકામ થી પણ ફોરમને જણાવેલ છે કે વાદીની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ : ૦૯.૧૦.૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.